C/9

HEB-1/2012/34/SHP/MIS

ક્ર;- SHP/10/2012/294281/HEB/2482/12
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી
શિક્ષણ (આરોગ્ય સેવાઓ),
બ્લોક-૫, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા;- 13/06/2012

**વિષય;- શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોને સારવાર આપવા બાબત.**

**પરિપત્ર;-**

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત નવજાત શીશુથી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર વિના મૂલ્યે આપવામાં આવે છે.

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોને સ્થળ પર સારવાર, સંદર્ભ સેવા અને સુપર સ્પેશ્યાલીટી સારવારનો લાભ વિના મૂલ્યે સા.આ.કે. / જીલ્લા હોસ્પિટલ અને રાજ્યની એપેક્ષ હોસ્પિટલમાં આપવામાં આવે છે.

શા.આ.કા. અંતર્ગત સારવાર માટે નીચે પ્રમાણેની બાબતોનું ખાસ પાલન કરવાનું રહેશે.

(૧) શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત **માત્ર** જિલ્લાના, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા જે બાળકને મંજૂરી આપવામાં આવેલ હોય તે.જ બાળકોને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ મફત સારવારનો લાભ આપવાનો રહેશે.

(૨) શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત રીફર થયેલ બાળકો પાસેથી કેસ ફી કે કોઇ પણ પ્રકારની અન્ય ફી કે યુઝર ચાર્જીસ લેવાના રહેશે નહીં.

(૩) હોસ્પિટલના દવાના સ્ટોરમાં જે-જે દવાઓ રાખવામાં આવતી હોય તે તમામ દવાઓ મફતમાં પૂરી પાડવાની રહેશે.

(૪) હોસ્પિટલમાં ઉપલબ્ધ ન હોય તેવી તમામ દવા/સાધનોનો ખર્ચ બાળકના વાલીએ ભોગવવાનો રહેશે.

(૫) (ક) હોસ્પિટલમાં ઉપલબ્ધ હોય તેવા તમામ પ્રકારના મેડીકલ ટેસ્ટ/ તમામ લેબોરેટરી ટેસ્ટ, એક્ષ રે, ડીઝીટલ એક્ષ રે, સીટી સ્કેન, એમ.આર.આઇ., સોનોગ્રાફી કે અન્ય તમામ ટેસ્ટીંગ/ડાયગ્નોસીસની સેવાઓ બાળકને મફતમાં પૂરી પાડવાની રહેશે.

(૫) (ખ) હોસ્પિટલ ખાતે ઉક્ત સેવાઓ પૈકી જો કોઇ સેવા ઉપલબ્ધ ન હોય અને હોસ્પિટલ દ્વારા જો કોઇ ખાનગી સંસ્થા સાથે પી.પી.પી. ના ધોરણે હોસ્પિટલની અંદર જ ઉક્ત સેવાઓ માટે કરાર કરવામાં આવેલ હોય તો તે સેવા પણ મફતમાં પૂરી પાડવાની રહેશે.

(૫) (ગ) જો હોસ્પિટલ ખાતે ઉક્ત સેવાઓ કે તેના જેવી અન્ય સેવાઓ ઉપલબ્ધ ન હોય **કે** હોસ્પિટલ દ્વારા ખાનગી સંસ્થા સાથે પી.પી.પી.ના ધોરણે કરાર પણ કરેલ ન હોય, તો ઉક્ત સેવા/ટેસ્ટીંગ/ડાયગ્નોસીસ ખાનગી સંસ્થામાં કરાવવાનો ખર્ચ બાળક/બાળકના વાલીએ ભોગવવાનો રહેશે.

(૬) જરૂર જણાયે એમ્બ્યુલન્સની સેવા મફતમાં પૂરી પાડવાની રહેશે.

(૭) શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકને હ્રદય રોગ, કિડની રોગ, કેન્સર કે અન્ય રોગની અમદાવાદ ખાતેની નિયત કરેલ સંબંધિત હોસ્પિટલમાં સુપર સ્પેશીયાલીટી સારવારની મંજૂરી આપવાની સત્તા જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પાસે છે. આથી મુખ્ય

જિલ્લા તબીબી અધિકારીશ્રી/ સિવિલ સર્જનશ્રી/ તબીબી અધિક્ષકશ્રી, આવા બાળકને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ સારવાર માટે જે-તે હોસ્પિટલને સીધે-સીધો પત્ર લખી શકશે નહીં. જો કોઇ બાળકને ઉક્ત રોગની સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરવાના થાય તો મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી/ સિવિલ સર્જનશ્રી/ તબીબી અધિક્ષકશ્રીએ તેમના જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પાસે મંજૂરી અર્થે મોકલવાના રહેશે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકને જે-તે હોસ્પિટલ ખાતે સારવારની મંજૂરી આપશે.

(૮) દરેક મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી/ સિવિલ સર્જનશ્રી/ તબીબી અધિક્ષકશ્રીએ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સારવાર આપેલ બાળકની માહિતી આ સાથે સામેલ પત્રકમાં અચૂક નિભાવવાની રહેશે.

(૯) જે-તે જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવર માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા પોતાના જ જિલ્લાની સિવિલ હોસ્પિટલ / કોટેજ હોસ્પિટલમાં મંજૂરી આપી શકશે. દા.ત. એપેન્ડીસ્કટોમી વગેરે સર્જીકલ સારવાર.

ઉક્ત સૂચના મુજબ શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવેલ બાળકોને જરૂરી સારવાર પૂરી પાડવાની રહેશે.

**અધિક નિયામક (આરોગ્ય),**
આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ
(આરોગ્ય સેવાઓ),
ગાંધીનગર.

**પ્રતિ,**
તબીબી અધિક્ષકશ્રી, સિવિલ હોસ્પિટલ, સર્વે.
મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ, સર્વે

**નકલ રવાના;-**
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત...સર્વે
મેડીકલ ઑફિસર ઑફ હેલ્થ, મ્યુનિસિપલ કોર્પોરેશન.... સર્વે

**નકલ રવાના;-**
જિલ્લા આર.સી.એચ. અધિકારીશ્રી, જિલ્લા પંચાયત.... સર્વે